## વડીલોને વંદન અભિનંદન


પલ્લંબલસે નીલકંઠેયા
(૧૯૩૦)ફોન: ૨૩૨૧૦૫૧૦

મનીષા નૌતમલાલ ત્રિપાઠી
(૧૯૫૫)ફોન: ૨૩૨૩૦૪૭૯

વિલાસચંદ્ર મોરેશ્વર કોઠારે
(૧૯૪૩)ફોન: ૨૩૨૨૨૦૯૧

સુહાસીની એસ. લીમગાંવકર
(૧૯૫૫)ફોન: ૨૩૨૩૪૨૦૮


મોહનલાલ વાળંદ
(૧૯૨૮)ફોન: ૨૩૨૨૧૪૩૫

# રાજ્યમાં ટુકડા ધારામાં મહત્વનો ફેરફાર

## ખેડૂત ખાતેદાર રાજ્યમાં ગમે ત્યાં જમીન લે-વેચ કરી શકશે : ખેડૂતોને તેમની કિમતી જમીનની પૂરતી કિંમત મળે તે માટે મોટો નિર્ણય

ગાંધીનગર, તા.૯

રાજ્યના ખેડૂતોને તેમની કિંમતી જમીનના પુરતા ભાવો મળી રહે તે માટે કિસાનોના હિતને ધ્યાનમાં લઈને રાજ્યસરકારે આજે મોટો નિર્ણય કર્યો હતો. રાજ્ય સરકારે મહત્વાકાંક્ષી નિર્ણય કરીને રાજ્યમાં ટુકડા ધારામાં મહત્વનો ફેરફાર કર્યો છે. જેનાથી રાજ્યનો કોઈપણ ખેડૂત ખાતેદાર રાજ્યમાં ગમે ત્યાં ટુકડાની જમીન ખરીદી કે વેચાણ કરી શકશે, એમ મહેસૂલ મંત્રી આનંદીબેન પટેલે જણાવ્યું છે.

મહેસૂલ મંત્રી આનંદીબેન પટેલે ઉમેર્યું કે, મુંબઈનો ખેતીની જમીનના ટુકડા પડતા અટકાવવા તથા તેનું એકત્રીકરણ કરવા બાબતનો કાયદો મુંબઈમાં ટુકડા ધારો તરીકે ઓળખાતો હતો. ગુજરાત રાજ્ય ૧૯૬૦માં અસ્તિત્વમાં આવતા કચ્છ વિસ્તારોને આ ધારો લાગુ પડાયો હતો. જેનો મૂળ ઉદ્દેશ ટુકડા પાડવાના અનિષ્ટને અટકાવવાનો તથા ખેતીની છૂટી છવાઈ જમીન એકત્રિત કરીને ખેતીની નવી પદ્ધતિઓ દ્વારા ખેત ઉત્પાદન વધારવાનો હતો. જીરયત જમીન માટે પ્રમાણ ક્ષેત્રફળ ૨ એકર અને બાગાયત/ક્યારી જમીન માટે પ્રમાણ ક્ષેત્રફળ ૦-૨૦ ગુંઠાથી ઓછા ક્ષેત્રફળની જમીન ટુકડો ગણાય છે. પટેલે ઉમેર્યું કે, આ કાયદાને કારણ ખેડૂતોને પડતી મુશ્કેલીઓને ધ્યાને લઈ કાયદામાં જરૂરી સુધારા કરાયા છે. જેના પરિણામે કોઈપણ ખેડૂત ખાતેદાર રાજ્યમાં ગમે ત્યાં ટુકડાની જમીન ખરીદી શકશે અને ટુકડો પડતો ન હોય તેવા કિસ્સામાં એકત્રીકરણ થલેય જમીનમાં બ્લોક વિભાજનની પરવાનગી લેવાની રહેશે નહીં તે પ્રકારની તમામ જોગવાઈઓ કરાઈ છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, આ કાયદાને લીધે ટુકડા ધારાને કારણે પ્રમાણ ક્ષેત્રફળ કરતાં ઓછા ક્ષેત્રફળનું અલગ ખાતું બનતું નથી. જેથી સહ હિસ્સેદારોની સંખ્યા ખૂબ જ વધારે થતા તેઓ વચ્ચેના આંતરિક પ્રશ્નો થતાં ધિરાણ, લોન, વીજ કનેક્શનમાં ખૂબ જ મુશ્કેલી પડતી હતી, ટુકડાની જમીન તેની લગોલગ આવેલા સર્વે નંબરો અથવા પેટા વિભાગના માલિક સિવાય બીજા કોઈ વ્યક્તિને વેચાણ કરી શકાતી નહોતી અને એકત્રીકરણ થયેલ જમીનના બ્લોક વિભાજન માટે કલેક્ટરની મંજૂરી મેળવવાની, પૂર્વ પરવાનગી વગર જમીન વિભાજન કરી વેચી નાખતા કાયદાના પ્રશ્નો ઉભા થતા હતા તે આ સુધારાને કારણે હલ થશે.

# ગામડાઓમાં બાળમજૂરી અને જાતિવાદમાંથી ઉગારવા અનિવાર્ય

## ટ્રેડ ફેરમાં ગ્રામિણ કીશોરીઓએ સ્કૂલ–કોલેજના વિદ્યાર્થીઓને મેસેજ આપ્યો

ગાંધીનગર, તા. ૯

બાળમજુરી અટકાવી જાતિવાદ દૂર કરવા આજે ભાવનગર જિલ્લાના વિવિધ ગામોમાંથી વાઈબ્રન્ટ ટ્રેડ ફેરમાં આવેલી તરૂણીઓએ સ્કૂલ-કોલેજના વિદ્યાર્થીઓ સાથે ચર્ચા કરી હતી. સમાજને બાળલગ્નના દૂષણમાંથી ઉગારવા તેમજ ગ્રામિણ બાળકોને બાળમજૂરીથી દૂર રાખી શિક્ષણ તરફ પ્રોત્સાહિત કરવાનો મેસેજ આપ્યો હતો.

યુનિસેફ તેમજ વિવિધ એન.જી.ઓ. દ્વારા ગ્રામ્યકક્ષાએ કાર્યરત બાળસંરક્ષણ સમિતિના માધ્યમથી બાળઅધિકારી, સરંક્ષણ અને શિક્ષણના મામલે ગ્રામ્યજનજીવન જાગૃત કરવાનો સરાહનીય પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. યુનિસેફ દ્વારા એન.જી.ઓ.ના સહયોગથી ગ્રામિણ કક્ષાએ બાળકોના ભવિષ્યને ઉજ્જવળ બનાવવા વિવિધ જૂથ સમિતિ બાળકોના ઉત્થાન માટે કામ કરે છે. વાઈબ્રન્ટ ટ્રેડ ફેરમાં પણ સંસ્થાની તાલીમ બાદ ડરને દૂર ભગાવી આત્મવિશ્વાસ સાથે ઉજ્જવળ કેડી તરફ કદમ મંડારતી કીશોરીઓને પ્રોત્સાહીત કરવા પ્રયાસ કરાયો છે. યુનિસેફના સ્ટોલમાં ટ્રેડ ફેરની મુલાકાતે આવતી ગ્રામીણ કીશોરીઓ વિઝીટર્સ સાથે પોતાના અનુભવો અને વિચારો ઉત્સુકતાપૂર્વક બયાન કરે છે. આજે પણ ભાવનગર જિલ્લાના નવારતનપરા અને ખુંટી ગામની વિદ્યાર્થીઓએ અન્ય શાળા-કોલેજના વિદ્યારિર્થીઓ સહિત મુલાકાતીઓ સમક્ષ આ મામલે પોતાના વિચારો રજૂ કર્યા હતા. ગ્રામિણ જૂથની આ કીશોરીઓએ ડરને દૂર ભગાવી યુવતિઓને હિંમતભેર આગળ વધવા જણાવ્યું હતું. જ્યારે ગામડાઓમાંથી બાળલગ્ન અને બાળમજૂરીનું દુષણ દૂર કરવા સમાજને મેસેજ આપ્યો હતો. સાથોસાથ ગામડામાં મજુરી કરી પેટીયું રળતી ગરીબ કીશોરીઓને પણ જીવન-ધોરણ ઉંચુ લાવવા શિક્ષણ પ્રત્યે સજાગ થવા મેસેજ પાઠવ્યો હતો. આ ઉપરાંત જાતિવાદથી દૂર રહેવા પણ જણાવ્યું હતું.

## ગાંધીનગર જિલ્લા પંચાયતની મુલાકાતે મહારાષ્ટ્રનું નાણાપંચ !

ગાંધીનગર, તા. ૯

મહારાષ્ટ્ર રાજ્યનું નાણાંપંચ ગાંધીનગર જિલ્લા પંચાયતની મુલાકાતે આવ્યું હતું અને તેણે પંચાયત રાજ વ્યવસ્થા અંગેની વિગતો જાણી હતી તેમજ પંચાયતી રાજમાં આવકના સ્ત્રોતો અંગેની જાણકારી મેળવી હતી.

શ્રી એ.પી. ડોંગેની અધ્યક્ષતામાં આવેલ આ નાણાંપંચની ટીમે જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતિ મંગીબેન પટેલની અધ્યક્ષતામાં પંચાયતના અધિકારીઓ સાથે બેઠક યોજી સંપૂર્ણ વિગતો મેળવી હતી.

આ પંચે પંચાયતી રાજ દ્વારા અમલમાં મુકાયેલ વિવિધ એક્સોથી પણ વધુ યોજનાઓની અમલવારી વિશેની રસપ્રદ હકીકતો જાણી હતી. આ ઉપરાંત આવકના સ્ત્રોતો હાલ જે છે તેની પણ જાણકારી મેળવી હતી.

ગાંધીનગર જિલ્લામાં પંચાયતી રાજ વ્યવસ્થાના અભ્યાસ માટે અગાઉ દિલ્હીથી પણ એક ટીમ આવી હતી.

મહારાષ્ટ્રની આ ટીમે દરેક ગામોને ઈ-કનેક્ટીવીટીથી સાંકળી લેવાના અભિગમ તેમજ સમરસ ગ્રામપંચાયત, તીર્થગ્રામ યોજના, પાવનગ્રામ યોજનાઓ જેવી યોજનાઓ અંગે રસપ્રદ જાણકારી મેળવી હતી અને ગુજરાતે કરેલા વિકાસની નોંધ લીધી હતી.

આ પ્રસંગે શ્રીમતિ મંગીબેન પટેલ, જિલ્લા વિકાસ અધિકારી શ્રી ભટ્ટ, ના.જિ. વિકાસ અધિકારીશ્રી સહિત અન્ય જિલ્લા અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## રોજગારી પ્રશ્ને મોદી યુવાનોને ગુમરાહ કરી રહ્યા છે : કોંગ્રેસ

ગાંધીનગર, તા.૯

ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પ્રવક્તા જયરાજસિંહ પરમારે ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીની ગુજરાતના યુવાનોને વ્હાઈટ કોલર જોબની પરવા કર્યા કરતા શ્રમજીવી બનવાની સલાહ આપવાની વાતની ઠેકડી ઉડાડતા કહ્યું છે કે, નરેન્દ્ર મોદીનો જન્મ પણ નહોતો થયો, ત્યારથી જ ગુજરાતી યુવાનો શ્રમજીવી છે. વિશ્વનો એકપણ ખૂણો એવો નથી, જ્યાં ગુજરાતીએ પોતાનો ધંધો-રોજગાર શરૂ ન કર્યો હોય. વિદેશોમાં વસતા ગુજરાતીઓએ વિદેશમાં રહીને પણ તેમની આગવી સૂઝ-કલા કૌશલ્યના સહારે ગુજરાતનું નામ વિશ્વભરમાં ગુંજતુ કર્યું છે.

ગુજરાતી પ્રજાનો સ્વભાવ જ ઉદ્યમી છે, એટલે એને કોઈએ શ્રમજીવી બનવાની સુફિયાણી સલાહ આપવાની જરૂર નથી. ગુજરાત અને ગુજરાતની પ્રજા તેના શ્રમજીવી સ્વભાવને કારણે જ વિશ્વવિખ્યાત બન્યા છે. મુખ્યમંત્રી જાણતા ન હોય તો જણાવું કે સરકારની પોતાની સરકારી કચેરીઓ જ્યાં ચાલે છે એ જુના રાજમહેલો, ગાયકવાડ સરકાર વખતના તળાવો તથા પ્રાચીન સંસ્કૃતિ સમા લોથલ-મોહેન્જોદડો-ધોળાવીરાના અવશેષો પરથીએ જમાનાની શ્રમશક્તિના દર્શન થાય છે એટલે ગુજરાતીઓને અપના હાથ જગન્નાથની ભાવના જગાડવા માટે કોઈની સલાહની જરૂર નથી. રાજ્ય સરકારે આજદિન સુધી ગુજરાતના યુવાનને ગુજરાતમાં થતા મૂડીરોકાણ અને ગુજરાતમાં આવનારી મલ્ટીનેશનલ અને નેશનલ કંપનીઓને કારણે રોજગારી મળશે, એવા દીવાસ્વપ્ન દેખાડ્યા પછી છેલ્લા દસ વરસમાં ગુજરાતના યુવાનોને રોજગારી પૂરી પાડી નથી. ગુજરાતમાં ૧૦ લાખ શિક્ષિત બેકારો સહીત ૩૦ લાખ યુવાનો નોકરી ધંધા કે કામ વગરના છે. વિનિમય કચેરીમાં શિક્ષિત બેરોજગારીની સંખ્યા દર વર્ષે વધતી જાય છે.

# એચ.બી. બેન્કર વિકલાંગ પુનર્વાસ કેન્દ્ર દ્વારા આદ્ય સ્થાપકનો શ્રધ્ધાંજલિ કાર્યક્રમ યોજાયો

## સંસ્થાના આદ્યસ્થાપક સ્વ. હરિભાઈ પંચાલ અને ટ્રસ્ટી સ્વ. કૃષ્ણકાંતભાઈ પટેલને શ્રધ્ધાસુમન અર્પણ

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર જિલ્લાના ઉવારસદ ગામે આવેલી એચ.બી. બેન્કર વિકલાંગ પુનર્વાસ કેન્દ્ર ખાતે સંસ્થાના આદ્ય સ્થાપક સ્વ. હરિભાઈ વિ. પંચાલ અને ટ્રસ્ટી સ્વ. કૃષ્ણકાંતભાઈ પટેલને શ્રદ્ધાંજલિ આપતો કાર્યક્રમ તાજેતરમાં યોજાઈ ગયો. જેમાં વાલ્વ બકરી ચા ના પ્રમુખ પિયુષભાઈ દેસાઈ ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને પોતાના સ્મરણોને વાગોળ્યા હતા.

સદવિચાર પરિવાર સંચાલિત એચ.બી. બેન્કર વિકલાંગ પુનર્વાસ કેન્દ્ર ઉવારસદ તા.જી. ગાંધીનગર મુકામે સંસ્થાના આદ્યસ્થાપક સ્વ. શ્રી હરિભાઈ વિ. પંચાલ 'નિમિત્તમાત્ર'ની દ્વિતિય પૂણ્યતિથિ અને સદર સંસ્થાના પાયાના કાર્યકર્તા ટ્રસ્ટી સ્વ. કૃષ્ણકાંતભાઈ પટેલને હૃદયાંજલિ અર્પિત કરવાનો કાર્યક્રમ યોજાઈ ગયો.

સ્વ. હરિભાઈ પંચાલની દ્વિતીય પૂણ્યતિથિએ સંસ્થાના પ્રમુખ ટ્રસ્ટીગણ તેમજ સંસ્થાના સ્નેહીજનોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહીને ભાવભીની શ્રધ્ધાંજલિ પાઠવી હતી. આ પ્રસંગે જે.બી. પંચાલ નિયામક પરેશભાઈ પટેલ, કે.આર. સિંગ, સ્વ. હરિભાઈ પંચાલના સામાજીક માનવતાવાદી કાર્યોને યાદ કરીને 'આ માનવતાવાદી કાર્યોને સમાજમાં અવિરતપણે ચાલુ રાખીએ તો સાચી શ્રધ્ધાંજલિ ગણાશે' એમ કહેતા તેમના કાર્ય સંસ્મરણોને યાદ કર્યા હતા. સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટી પી.કે. લહેરીએ સ્વ. હરિભાઈના સમાજસેવાના કાર્યોને ઉજાગર કરીને માનવતાની મહેંક આપણે સૌ સાથે મળીને સમગ્રતઃ વિસ્તારવાની વાતો કરી હતી. આજના શ્રધ્ધાંજલિ પ્રસંગે વાલ્વ બકરી ચાના પ્રમુખ પિયુષભાઈ દેસાઈએ પોતાની હૃયોકતસભર સંસ્મરણોને યાદ કરીને શ્રધ્ધાંજલિ આપી 'શુભ કાર્યોનાં સદાય નિમિત્ત બનું' સ્વ. હરિભાઈના આ કથનને સાર્થક કરતાં તેમણે વિકલાંગ પુનર્વાસ કેન્દ્રના ૧૩ વિકલાંગ વિદ્યાર્થીઓને મોબાઈલ રીપેરીંગ અભ્યાસક્રમ માટેના પ્રવેશપત્રો એનાયત કર્યા હતા.

અંતમાં સંસ્થા પરિવારના તમામ સભ્યોએ-વિદ્યાર્થીગણે બે મિનિટનું મૌન પાળીને સંસ્થાના પાયાના આ નિર્વાણ મૃતાત્માઓને શ્રધ્ધાંજલિ આપી હતી.

## વિઝન-૨૦૨૦ ડોક્યુમેન્ટ મોદી દ્વારા રજુ કરી દેવાયુ

મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ આજે વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈવેન્ટ સમીટના નિકાસ અંગેના સેમિનારમાં ગુજરાતની નિકાસ અંગેની સ્પર્ધાત્મક ક્ષમતાના વિઝન : ૨૦૨૦ ડોક્યુમેન્ટનું વિમોચન કર્યું હતું. વિશ્વની સ્પર્ધાત્મક બજારોમાં ભારતના ઉત્પાદનોની નિકાસ માટેની વ્યૂહરચના અંગે માર્ગદર્શન આપતા મુખ્યમંત્રીએ જણાવ્યું કે આપણા ઉત્પાદન માટેની વિશ્વસનિયતા વૈશ્વિક બજારોમાં ઉભી થવી જોઈએ. મુખ્યમંત્રી મેઈડ ઈન ઈન્ડિયાની બ્રાન્ડ ઈમેજ ઉભી કરવા અને ભવિષ્યના વિવિધ માનવસમાજોની ઉત્પાદનોની જરૂરીયાતો અને માંગ વિશે અત્યારથી જ ફ્યુચરિસ્ટીક એક્સપોર્ટ સ્ટ્રેટજી તૈયાર કરવાની જરૂર ઉપર ભાર મૂક્યો હતો.

## શબ્દાવલી - ૪૯૪૭



### આડી ચાવી

૧. શેરડી, સાંઠા (૩)
૪. શીશો (૨)
૫. શેતરંજી (૨)
૬. પારા વડે માપવાનું સાધન (૪)
૮. ગાયનની એક તરફ, તરાણા (૪)
૧૦. બારની સંખ્યામાં (૩)
૧૩. બુટ-ચંપ્પલ સાંધનાર (૨)
૧૫. ગુદાનો રોગ (૨)
૧૬. મોજ-મજા, આનંદ (૬)
૧૯. બટનને... માં પરોવી બંધ થાય (૨)
૨૦. દાનત (૩)
૨૨. ગંદા પાણીના નિકાલની જગા (૩)
૨૩. નહિતર (૩)

### ઊભી ચાવી

૧. ગંદકી (૪)
૨. દૂધને પેક કરી સપ્લાય કરવાનું કાર્ય કરે તે જગ્યા (૨)
૩. મુર નામના દાનવના શત્રુ શ્રીકૃષ્ણ (૩)
૪. અગાઉ બ્રાહ્મણો વિદ્યા પ્રાપ્તિ માટે આ ગામ જતા (૨)
૬. પત્તા (ગંજીફાના) (૨)
૭. ... ફરહાદની પ્રેમ કહાની મશહુર છે (૨)
૮. જોશ, જુસ્સો (૨)
૯. તીખી તળેલી વાનગીઓ (૪)
૧૧. ઝગમગાટ (૫)
૧૨. કાર્ય (૨)
૧૩. મચકોડ (૨)
૧૪. હોકા ઉપર દેવતા ભરવાની વાટકી આવે તે (૩)
૧૭. દૃષ્ટિ (૩)
૧૮. આંખ, ચક્ષુ (૩)
૨૧. લાગ, મોકો (૨)

### શબ્દાવલી ૪૯૪૬ના જવાબ

**આડી ચાવી :-** (૧) સામાપાંચમ (૫) અલી (૬) દમક (૭) યોગી (૯) કનડગત (૧૨) રીત (૧૪) કતીક (૧૫) અધર (૧૭) પરબ (૧૮) મગતરૂ (૨૧) તપસ્યા (૨૩) મામા (૨૪) રફ (૨૫) યમલ

**ઊભી ચાવી :-** (૧) સાથીયો (૨) પાંદ (૩) ચમક (૪) મકન (૫) અવગતી (૮) ગીરીધર (૧૦) ડક (૧૧) તક (૧૩) સમસ્યા (૧૯) તમામ (૨૦) રૂમાલ (૨૨) પફ

## ટાવરનું લોકાર્પણ..

● અનુસંધાન પહેલાનું ચાલુ

ટેકનો પાર્ક અને ઈન્ટરનેશનલ માર્કેટ ઝોન ઉભા કરવામાં આવનાર છે.

આ ગિફ્ટસીટીમાં વાણિજ્ય સંકુલ ઉપરાંત ઓફિસ સંકુલો, હોટલ્સ, રેસ્ટોરન્ટ, ફૂડકોર્ટ, ટ્રેનીંગ સેન્ટર, મનોરંજનની સુવિધા સહિતની કચેરીઓ પણ હશે. આ ઉપરાંત શાળા, આરોગ્યની સુવિધા, કન્વેનશન સેન્ટર તેમજ રહેણાંક વિસ્તાર પણ વિકસાવવામાં આવનાર છે.

૬૨ મિલિયન સ્કેવરફીટ ધરાવતી આ ગિફ્ટ સિટીમાં ૪૨ મિલીયન સ્કવેરફીટ વાણિજ્યવિસ્તાર માટે ફાળવવામાં આવી છે. જ્યારે ૧૪ મિલીયન સ્કવેરફીટ જગ્યા રહેણાંક માટે અને ૬ મિલિયન સ્કવેરફીટ વિસ્તાર સામાજિક સેવાઓ માટે અંકિત કરવામાં આવી છે.

આ ગિફ્ટસીટી માટે અલાયદો પાણી પુરવઠો, અંતરાયરહિત વીજપુરવઠો, સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ પ્લાન્ટ પણ અતિ આધુનિક હશે.

ગિફ્ટસીટી સાથે સંકળાયેલ સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે આ વિસ્તારને રમણીય બનાવવા માટે એક સમૃદ્ધિ સરોવર અને વોટરફ્રન્ટ ડેવલપમેન્ટ પ્રોજેક્ટ પણ અમલમાં મુકવામાં આવનાર છે.

ગિફ્ટ સીટીનો ગેટ વે તરીકે ઓળખાતા આ પ્રથમ ટાવરનું તમામ કામ પૂર્ણ થઈ ગયું છે. જ્યારે બીજા ટાવરનું કામ પણ પૂર્ણ થયું છે. પણ હજુ તેમાં કેટલીક સુવિધાઓની કામગીરી અંતિમ તબક્કામાં છે.

૨૦૦૫માં રાજ્યના મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ એક અતિ આધુનિક ફાયનાન્સીયલ સર્વિસીઝ ઉપલબ્ધ બને તેવા શહેર નિર્માણની કલ્પના રજુ કરી હતી.

ફાયનાન્સીયલ સર્વિસીઝના સેઝ તરીકે વિકસી રહેલ આ સીટી એ પાટનગરમાં સૌથી ઉંચી ઈમારત છે. અહિ આ ટાવરના નિર્માણને પગલે જ ભારે પ્રતિસાદ પ્રારંભે જ સાંપડ્યો છે. બિનસત્તાવાર વિગતો પ્રમાણે એક ટાવરમાં તમામ બુકિંગ ફુલ થઈ જવા પામ્યું છે. આ આખોય પ્રોજેક્ટ ૨૦૨૧માં પૂર્ણ થઈ જાય તે રીતે સમગ્ર કામગીરી હાલ ચાલી રહી છે.

## ૮ એમઓયુ કરાયા..

● અનુસંધાન પહેલાનું ચાલુ

ગુજરાત ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી હે ઈઝરાયલની ગેલિલી ઈન્ટરનેશનલ મેનેજમેન્ટ ઈન્સ્ટીટ્યુટ સાથે નેહલાલ, ગાંધીનગર અને અમદાવાદ, આ ત્રણ શહેરો માટે ફેકલ્ટી ડેવલોપમેન્ટ, સંશોધન, વિદ્યાર્થીઓ અને તજજ્ઞોના આદાન-પ્રદાન તથા અભ્યાસક્રમના વિકાસ માટે એમઓયુ કર્યા હતા. ઈન્ડિયન ઈન્સ્ટીટ્યુટ ઓફ ટીચર એજ્યુકેશન અને ફિનલેન્ડની યુનિવર્સિટી ઓફ હેલસિન્કી વચ્ચે શિક્ષકોને તાલીમ, વિદ્યાર્થીઓ-તજજ્ઞોના આદાન-પ્રદાન તથા સંયુક્ત પ્રોજેક્ટ માટે એમઓયુ થયા હતા. પંડિત દીનદયાળ પેટ્રોલિયમ યુનિવર્સિટીના ડાયરેક્ટર જનરલ ડૉ.પી.કે.બાનીક અને કેરન ઈન્ડિયા લિમીટેડના પી.એલાન્ગો વચ્ચે તાલીમ ઉપરાંત શિક્ષણની પરસ્પર અનેક આવશ્યકતાઓ માટે એમઓયુ થયા હતા. નોલેજ કોન્સોર્સિયમ ઓફ ગુજરાત અને યુ.કે.ની બ્રિટીશ કાઉન્સીલ વચ્ચે ઉચ્ચ શિક્ષણમાં નિપૂણતાની વિવિધ બાબતોના આદાન-પ્રદાન, નવા અનુભવો અને સંશોધનોના આદાન-પ્રદાન, ઉચ્ચ શિક્ષણમાં નીતિ નિર્ધારકો અને શિક્ષણવિદોની ભલામણો અને અનુરોધોના આદાન-પ્રદાન તથા ઉદ્યોગગૃહો અને શિક્ષણ સંસ્થાનો વચ્ચેના સંવાદોના આદાન-પ્રદાન માટે એમઓયુ થયા હતા. ગુજરાત સરકારના ટેકનીકલ શિક્ષણ વિભાગે કેનેડાની સેનેકા કોલેજ સાથે સંશોધન અને વિકાસ તથા નવી બાબતોના વિસ્તાર માટે, શિક્ષણની વિવિધ શાખાઓમાં સેન્ટર ઓફ એક્સલન્સની સ્થાપના માટે તથા ઉચ્ચ શિક્ષણ ફોરમની સ્થાપના માટે એમઓયુ કર્યા હતા. રાજ્ય સરકારની ગુજરાત ટેકનીકલ યુનિવર્સીટીએ યુકેની યુનિવર્સીટી ઓફ લેન્કેશાયર સાથે ગુણવત્તાની પ્રતિબદ્ધતા માટેની પ્રક્રિયાના આયોજન માટે, શિક્ષણ, અભ્યાસ, સંશોધન તથા જ્ઞાનના આદાન-પ્રદાન માટેની સમજૂતિ માટે કરારો કર્યા હતા. મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું કે, દ્વ્ટ્રી વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટની મુખ્ય મધ્યવર્તી થીમ જ 'નોલેજ' છે.

## સક્રિય વિચારણા..

● અનુસંધાન પહેલાનું ચાલુ

સ્થાને હોવાનું સ્પષ્ટ થયું છે. ત્યારે કિંમતી કારની સુરક્ષાને લઈને પણ સુરક્ષા વ્યવસ્થા સઘન બનાવી દેવાઈ છે ત્યારે જ્વેલરીના પેવેલિયનમાં રોજબરોજ વિઝીટર્સનો ધસારો વધતા ઉચ્ચકક્ષાએ કારનું સ્થાન બદલવા વિચારણા હાથ ધરવામાં આવી છે. કારને સોના અને ડાયમંડથી જડવામાં આવી છે. કારની બારીના કાચ ફરતે હીરાની જગમગાટ કરવામાં આવી છે. જ્યારે સ્ટીયરીંગ પણ સોનેથી મઢવામાં આવ્યું છે. વ્હીપ્લેટમ ઉપર પણ ડાયમંડ મુકવામાં આવ્યા છે. જ્વેલરી શૉ માં હીરાજડીત કાર ઉપરાંત અન્ય પણ કિંમતી દાગીનાની વેરાયટીઝ આકર્ષણનું કેન્દ્ર બની છે. ત્યારે જ્વેલરી શૉ અને કારની સુરક્ષાનો મામલો પ્રદર્શનમાં મુખ્ય બન્યો છે. એકબાજુ વિઝીટર્સની સંખ્યામાં નોંધપાત્ર વધારો થયો છે ત્યારે જ્વેલરી પેવેલિયનમાં એન્ટ્રી લેવા કડક પોલીસ બન્દોબસ્ત વચ્ચે કતાર જોવા મળે છે. હીરાજડીત કારની સુરક્ષા માટે ૧૬ જેટલા ગનમેન સ્ટેન્ડ ટુ કરવામાં આવ્યા છે. આમ છતા પ્રદર્શનમાં આમ મુલાકાતીઓની ભીડ વધતા જ્વેલરી શૉ ની સુરક્ષાનો મામલો ઉચ્ચ પોલીસ અધિકારીઓ માટે પણ 'હેડેક' બન્યો છે. આવા સંજોગોમાં હીરાજડીત કારને અન્ય સ્થાને ખસેડવા પણ સક્રિય વિચારણા હાથ ધરવામાં આવી છે.

## ડ્રેસ કોડ બદલવાનો નિર્ણય

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

દેખવા મળશે. જ્યારે પોલીસ કર્મચારીઓ પણ ચોક્કસ નિયત કરેલા કલરના ફોર્મલ કપડાંમાં જોવા મળશે. મહાત્મા મંદિરમાં એક પણ પોલીસ કર્મચારી-અધિકારી 'ખાખી' વર્ધીમાં ડ્યુટી બજાવી નહી શકે. તમામ પોલીસ અધિકારી અને કર્મચારીઓને ડ્રેસ કોડ આપીને તે મુજબ સજ્જ થઈને ડ્યુટી પર આવવા સુચના આપી દેવામાં આવી છે. પોલીસ કોન્સ્ટેબલથી માંડીને એ.એસ.આઈ. સુધીના પોલીસ કર્મચારીઓને ફોર્મલ કપડાં પહેરવા આદેશ આપ્યા છે. તે માટે માપ પણ લેવાઈ ચુકયા છે. જ્યારે પી.એસ.આઈ.થી માંડીને આઈ.પી.એસ. કક્ષાના પોલીસ અધિકારીઓને નેવી બ્લ્યુ કલરનું બ્લેઝર અને ગ્રે કલરનું પેન્ટ પહેરી આજ ડ્રેસ કલર કોડમાં આવવા આદેશ જારી કરી દેવામાં આવ્યા છે. જેને પગલે તમામ પોલીસ અધિકારી-કર્મચારીઓ ડ્રેસકોડ મુજબના કપડા લેવા દોડતા થઈ ગયા છે. ઉલ્લેખનીય બાબત છે કે બીજા જિલ્લામાંથી ડ્યુટી કરવા આવેલા પોલીસ અધિકારી-કર્મચારીઓ પૈકી જેની ડ્યુટી મહાત્મા મંદિર ખાતે છે તે તમામ પોલીસ ડ્રેસ કોડ મુજબ સજ્જ કેવી રીતે થઈશ ? તે પ્રશ્ને મુંઝવણમાં મુકાઈ ગયા છે.

## જાહેર નિવિદા

**તલોદ નગરપાલિકા, તલોદ**

તલોદ નગરપાલિકા, જી. સાબરકાંઠામાં નીચે મુજબની જગ્યા ૧૧ માસના કરાર આધારિત માસિક ફીક્સ પગારથી ભરવાની થાય છે.

| જગ્યાનું નામ | સંખ્યા | પગાર ધોરણ |
|---|---|---|
| આંગણવાડી તેડાગર | ૦૨ | રૂ. ૧૦૦૦/- માસીક ફીક્સ |

**શૈક્ષણિક લાયકાત :** ધોરણ-૭ પાસ

**વયમર્યાદા :** તા. ૧૦/૧/૧૩ના રોજ ૧૮ વર્ષ પૂર્ણ કરેલા હોવા જોઈએ. તેમજ ૩૫ વર્ષથી વધુ ન હોવી જોઈએ.

**શરતો :**
(૧) ઉમેદવાર સ્થાનિક રહેવાસી હોવા જોઈએ.
(૨) ઉમેદવારના પુરાવા માટે રેશનકાર્ડ તેમજ ચૂંટણી કાર્ડની ખરી નકલ અરજી સાથે જોડવાની રહેશે.
(૩) જાહેરાત પ્રસિદ્ધ થયેથી તા. ૨૪/૧/૧૩ સુધીમાં અરજી રજી.પો.એ.ડી.થી મોકલવાની રહેશે.
(૪) અરજી ફોર્મ ઓફીસ સમય દરમિયાન તલોદ નગરપાલિકા કચેરીમાંથી મળશે.

**તલોદ નગરપાલિકા, તલોદ**